# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

## થાઈલેન્ડનાં પ્રતિનિધિ મંડળની સૌજન્ય મુલાકાત

આજરોજ થાઈ કોન્સ્યુલેટ શ્રી થાનાવત સિરીકુલ ની અધ્યક્ષતામાં થાઈલેન્ડનાં પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યારબાદ આ પ્રતિનિધિ મંડળે માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ સાથે સ્મેક સેન્ટરની મુલાકાત લીધી હતી. સ્મેક સેન્ટરમાં સુરત મહાનગરપાલિકાની તમામ સેવાઓનો કમાન્ડ સેન્ટરથી કન્ટ્રોલ કરવામાં આવે છે. જેમાં સુરત મહાનગરપાલિકાની આધુનિક સેવાઓ તથા શહેરીજનોની ફરીયાદથી લઈ વિવિધ વિભાગોની ઈન્ટરનલ કનેકિટવીટીને લગતી તમામ બાબતો આ સ્મેક સેન્ટરથી સંચાલિત કરવામાં આવે છે.

ત્યારબાદ જુના સ્થાયી સમિતિ રૂમમાં મિટીગ યોજાય હતી જેમાં માન.કમિશનરશ્રી બંછાનિધિ પાની IASએ જણાવ્યુ હતુ કે સુરત કાપડ ઉદ્યોગ અને હિરા ઉદ્યોગના કારણે ભારતનું સૌથી વધુ ઝડપે વિકસી રહેલ શહેર છે જે આજે ડાયમંડ સિટી, ટેક્ષટાઈલ સિટી તરીકે દુનિયામાં જાણીતું શહેર છે. સુરત શહેરના વિવિધ વિકાસ કાર્યોનું પ્રેઝન્ટેશન દર્શાવી સુરત શહેરમાં વિવિધ ક્ષેત્રે કરવામાં આવેલ વિકાસ કાર્યોથી તેઓને માહિતગાર કર્યા હતા. પ્રેઝેન્ટેશન નિહાળી થાઈ પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયુ હતું. પ્રેઝન્ટેશન બાદ ચર્ચા વિચારણા દરમ્યાન સ્થાથી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે થાઈલેન્ડમાં ગુજરાતી–સુરતીઓને આકર્ષવા માટે થાઈલેન્ડના હોટલો ઉધોગોમાં શાકાહારી ફુડની સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ સુરત અને થાઈલેન્ડ વચ્ચે કનેકટીવીટી ની સુવિધા કરાવવા સુચન કરી ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અન્ય સુવિધા બાબતે સહકાર આપવા જણાવ્યુ હતુ. વધુમાં થાઈ ડેલીગેશને સુરત મહાનગરપાલિકાના મોટા પ્રજેકટોમાં સહભાગી થવા તત્પરતા દર્શાવી હતી.

માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ થાઈ કોન્સ્યુલેટ શ્રી થાનાવત સિરીકુલને પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતા.

સદર મિટીગમાં માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપૂત તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર, સમાચાર યાદી નં.૬૨૭, તા.૨૩/૦૭/૨૦૨૧**